# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com


રેફ નં. તા: ૦૯–૧૦–૨૦૦૯

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## લેસ્ટરશાયર ઈકોનોમિક પાર્ટનરશીપનું ડેલીગેશન ચેમ્બરની મુલાકાતે

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રની મુલાકાતે આજરોજ લેસ્ટરશાયર ઈકોનોમિક પાર્ટનરશીપનું એક ડેલીગેશન શ્રી મહેન્દ્ર મિસ્ત્રીની અધ્યક્ષતામાં આવ્યું હતું.

મહેમાનોને આવકારતા ચેમ્બરના પ્રમુખશ્રી નિલેશ વી. માંડલેવાળાએ જણાવ્યું હતું કે, લેસ્ટરશાયરથી સૌ પ્રથમવાર ૨૦૦૪ માં ડેલીગેશન ચેમ્બરની મુલાકાતે આવ્યું હતું, જયારે તેઓ ચેમ્બરના માનદમંત્રી હતા અને આજે ચેમ્બરના પ્રમુખ તરીકે તેઓને આવકારતા તેઓ આનંદ અનુભવે છે, આ પ્રક્રિયાને ચાલુ રાખવા તથા લેસ્ટરશાયર સાથે સંબંધો જાળવી રાખવા માટે શ્રી મહેન્દ્ર મિસ્ત્રી તથા ગ્રુપ ચેરમેન શ્રી રોહિતભાઈ મહેતાનો તેમને આભાર માન્યો હતો.

તેમણે ચેમ્બરેનો ટુંકમાં પરિચય આપતા સુરતના ઉદ્યોગની માહિતી આપી હતી તથા સુરતના વિકાસની જાણકારી આપી હતી અને સાથે સાથે લેસ્ટરશાયર અને સુરત શિક્ષણ, ટેકનીકલ અને મેનેજમેન્ટ ક્ષેત્રે સંયુકતરીતે પ્રોજેકટસનું આયોજન કરે, જે ખરેખર ભવિષ્યની જરૂર છે તે માટે વિચારણા કરવા જણાવ્યું હતું. યુ.કે.ની ટ્રાફીક મેનેજમેન્ટ ખૂબ સુંદર છે, તે સંદર્ભમાં તેમણે જણાવ્યુ કે, સુરત શહેરની ૪૦ લાખની વસ્તી છે અને શહેરમાં ૧૪ થી ૧૫ લાખ વાહનો છે જેથી અહી ટ્રાફીકની સમસ્યા ઉદભવી છે. કોર્પોરેશને બી.આર.ટી.એસ. ની સેવા શરૂ કરવા વિચારણા હાથ ધરેલ છે ત્યારે આપશ્રી ફરી જયારે સુરત શહેરની મુલાકાત લો ત્યારે ત્યાના નિષ્ણાંત તજજ્ઞોનોને

સાથે લાવશો જેથી તેમના માર્ગદર્શનથી અહીની ટ્રાફીક સમસ્યાનો મહદઅંશે ઉકેલ લાવવામાં તેઓ મદદરૂપ થઈ શકે.

વધુમાં તેમણે જણાવ્યુ કે, લેસ્ટરશાયરમાં ઘણા ગુજરાતી પરિવારો વસે છે. સુરત શહેર ઓર્ગન ડોનેશનમાં ગુજરાતમાં અગ્રેસર રહયુ છે અને રાજય સરકારશ્રીએ કિડની ટ્રાન્સપ્લાન્ટ માટે અદ્યતન હોસ્પીટલ માટે જગ્યા આપવાની તૈયારી બતાવેલ છે. ઘણી વખત વિદેશમાં વસતા મહાનુભવોને દાન આપવાની તૈયારી હોઈ પરંતુ તેઓને કયાં દાન આપવુ તેની માહિતી હોતી નથી ત્યારે આ નોબેલ પ્રોજેકટ હોઈ તેની માહિતી ત્યાંના વસાહતીઓને આપશો તેવી નમ્ર વિનંતી કરી હતી.

ડેલીગેશનના અધ્યક્ષ શ્રી મહેન્દ્રભાઈ મિસ્ત્રીએ લેસ્ટરથી આવેલા મિત્રોની ઓળખાણ આપી હતી અને તેમને ભારતમાં અને વિશેષ સુરતમાં વેપારની તકો માટે તેમના મંતવ્યો જણાવવા કહયુ હતુ.

શિક્ષણ, એનર્જી અને પર્યાવરણના સંદર્ભમાં તેઓએ સુરતે કરેલી પ્રગતિને બિરદાવી હતી અને આ સમગ્ર વિષય ઉપર સંયુકત પ્રયાસો કરવા તેઓએ લીધેલા પગલાઓની જાણકારી પણ આપી હતી. તેમને શિક્ષણમાં ખૂબજ ઉજવળ ભવિષ્ય દેખાતુ હતુ અને તેથી તેમાં તેઓ ટુંક સમયમાં નકકર પગલા લઈ વિદ્યાર્થીઓની સમજ માટે કામ કરવા જણાવ્યુ હતું.

ગ્રુપ ચેરમેન શ્રી રોહિતભાઈ મહેતાએ પ્રાસંગીક પ્રવચન તેમજ આભારવિધી આટોપી હતી.